અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે
લોન આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અજાક/૧૩૦૬/મં.૨૯/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૦-૧૦-૨૦૦૮

વંચાણે લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯-૩-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫-૪-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૭-૩-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮-૧-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક : પીએમએસ-૧૦૨૦૦૩-ન.બા.૬-ગ.

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-૧૦-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ભાગ-૨-ગ.

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૨-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : પીએમએસ-૧૦૨૦૦૩-ન.બા.-૬/ગ.

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩-૩-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુમ.૩૧૫-ન.બા.-૮(૦૬) -ગ.

**સુધારા ઠરાવ :-**

આમુખમાં દર્શાવેલ ઠરાવો અન્વયે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચશિક્ષણ માટે લોન આપવાની ''ડૉ. બાબા સાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના'' અમલમાં છે. ઉપર ક્રમાંક (૧) માં દર્શાવેલ સરકારશ્રીના તા.૯-૩-૧૯૯૯ના ઠરાવથી આ યોજના અમલમાં આવેલ છે. અને ત્યારબાદ ક્રમાંક (૨) થી ક્રમાંક (૭) માં દર્શાવેલ ઠરાવોથી તેમાં વખતો વખત સુધારાઓ થયેલ છે.

૨. આ યોજનામાં કેટલાક સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રીએ આ સંદર્ભમાં કાળજીપૂર્વકની વિચારણા કરીને ઉપરોકત ઠરાવોથી હાલમાં જે યોજના અમલમાં છે, તેમાં નીચે મુજબ સુધારાઓ કરવાનું ઠરાવેલ છે.

(૧) ઉપર ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવની જોગવાઈ મુજબ, હાલમાં આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના એક કુટુંબના એક સંતાનને મળવાપાત્ર થાય છે, તેમાં સુધારો કરીને હવે આ યોજનાનો લાભ સંતાન ઉપરાંત પુત્રવધુને આપી શકાશે પરંતુ આ યોજનાનો લાભ કુટુંબ દીઠ ફકત એક જ વ્યકિતને મળવાપાત્ર થશે.

(૨) હાલમાં ધોરણ-૧૨ પછી ગ્રેજ્યુએશનના અભ્યાસક્રમ માટે લોન આપવામાં આવતી નથી. આ અંગે સરકારશ્રીએ ધોરણ-૧૨ પછીના વિદેશમાં ચાલતા ટેકનીકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે પણ લોન આપવાનું ઠરાવેલ છે. આવી અરજીઓ જે તે વર્ષમાં કુલ મંજૂર કરવાપાત્ર લોન અરજીઓની સંખ્યાના ૧૦ ટકાની મર્યાદામાં મંજૂર કરવાની રહેશે.

(૩) નિયમોની હાલની જોગવાઈ મુજબ, વિઝા અને અન્ય સાધનીક કાગળો રજુ કર્યા બાદ લોન મંજૂર કરવામાં આવે છે. આ સંદર્ભમાં સરકારશ્રીએ ઠરાવેલ છે કે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે, અરજદારો દ્વારા વિઝા સિવાયના અન્ય સાધનીક કાગળો રજૂ કર્યેથી લોન મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. પરંતુ અરજદાર દ્વારા વિઝા રજુ કર્યા બાદ જ લોનની રકમની ચૂકવણી કરવાની રહેશે.

(૪) આમુખ (૫) માં દર્શાવેલ ઠરાવના પેરા-૧ (બ) થી ડીપ્લોમાં અને તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસક્રમ માટે કુલ લક્ષ્યાંકના ૧૦ ટકા વિદ્યાથીઓને લોન આપવાની જોગવાઈ છે, તેમાં સુધારો કરીને હવે ૧૫ ટકા કરવાનું ઠરાવવામાં આવે છે.

૩. ઉપર જણાવેલ ફેરફારો સિવાયની ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૮-૧૦-૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/-**

**(શામજીભાઈ પટેલ)**

સંયુકત સચિવ,

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

વિના મૂલ્યે

## અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન મેળવવા માટેના અરજી પત્રકનો નમુનો.

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

(૧) અરજદારનુંનામ (અટક પહેલા લખવી) :

(૨) અરજદારનું પુરૂં સરનામું :

(૩) અરજદારનું કાયમી સરનામું :

(૪) અરજદારની જાતિ/પેટાજાતિ (દાખલો સાથે બિડવો) :

(૫) અરજદારની જન્મ તારીખ તથા ઉંમર :

(૬) અરજદારના પિતા/વાલીનો વ્યવસાય :

(૭) શૈક્ષણિક કારકિર્દી માટેની માહિતી આપવી (સ્નાતક કક્ષાએ ૫૦ ટકાથી ઓછા ગુણવાળા વિદ્યાર્થીઓ અરજી કરવાને પાત્ર ગણાશે નહિં) :

(અ) જે તે વિદ્યાશાખામાં વિશેષ યોગ્યતા અથવા વિશેષ અદ્વિતિય ઉપલબ્ધિ પ્રાપ્ત કરેલ છે કે કેમ ? હા તો કેવા પ્રકારની ? :

(બ) અરજદારે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે

(૧) પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા

(૨) પી.એચ.ડી. ઉચ્ચ સંશોધન

(૩) કોમ્પ્યુટર

(૪) અન્ય ........... માં પ્રવેશ લીધેલ છે કે કેમ ?

(૮) જે અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનો છે તે વિદેશની માન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મળેલ છે કે કેમ ? પ્રવેશ મળ્યા અંગેનો આધાર રજૂ કરવો. :

(૯) વિદેશમાં જતાં પહેલા અરજદારે પાસપોર્ટ સ્ટુડન્ટ વિઝા મેળવેલ છે કે કેમ ? વિગતો રજુ કરવી. :

(૧૦) વિદેશમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ હું ઓછામાં ઓછા ૫ વર્ષ ભારતમાં સેવા આપીશ તે અંગેની લેખિત બાંહેધરી રજુ કરવી. :

(૧૧) અરજદાર ઉપરોકત શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો તેમને મળેલ લોનની રકમ વ્યાજ સહિત જામીનદારો પાસેથી સરખા ભાગે વસૂલ કરી શકાશે તે અંગેનું બાંહેધરી પત્રક સામેલ કરવું. :

(૧૨) કુટુંબની અન્ય વ્યકિતએ આ યોજનાનો લાભ મેળવેલ હોય તો તેની વિગત આપવી. જો લાભ મેળવેલ હોય તો ? હવે મળવાપાત્ર નથી. નિયમોનુસાર કુટુંબના એક વ્યકિતને લોન મળવાપાત્ર છે. :

**નોંધ :-** સરકારશ્રીના તા.૧૭-૧૦-૨૦૦૫ની ઠરાવની જોગવાઈ અનુસાર.

(અ) સ્નાતક કક્ષાએ ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીને પોસ્ટ ગ્રેજ્યુએટ, પી.એચ.ડી. ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમ માટે જ વિદેશ અભ્યાસ લોન મળવાપાત્ર થશે.

(બ) ધોરણ-૧૨ માં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીને ડિપ્લોમાં અથવા તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસક્રમો માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(ક) ઉકત વિગતો ધ્યાને લઈને જે તે કક્ષાએ ૫૦ ટકાથી ઓછા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.

**અરજદારની સહી.**

# પરિશિષ્ટ - ચ

ચકાસણી અધિકારીએ ચકાસવાના મુદ્દાઓ :-

૧. અરજદારનું નામ/સરનામું

૨. અરજદારની જાતિ/પેટા જાતિ

૩. શૈક્ષણિક લાયકાત (સ્નાતક કક્ષાએ ૫૦ ટકાથી વધુ ગુણ મેળવેલ છે ?)

૪. વિશિષ્ટ લાયકાત મેળવેલ હોય તો તે અંગેની ખરાઈ.

૫. રેશનકાર્ડ ધરાવે છે કે કેમ ? તે અંગેની ખરાઈ.

૬. અરજદારે અન્ય ખાતા પાસેથી આ હેતુ માટે આ પ્રકારનો કોઈ લાભ મેળવેલ છે કે કેમ ? તેની ખરાઈ કરવી.

૭. અરજદાર વિદેશમાં અભ્યાસ અર્થે જવા માટે શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ છે કે કેમ ? તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય.

૮. અરજદારના જામીનદારોની રૂબરૂ મુલાકાત લઈ જામીનખતની ખરાઈ કરવી.

૯. અરજદારના પિતા/વાલીની વ્યવસાયની ખરાઈ કરી તેઓ આ યોજના પાછળ થનાર ખર્ચને પહોંચી વળવા સક્ષમ છે કે કેમ ? તે અંગે ખરાઈ કરવી.

૧૦. અરજદારે અરજીમાં જણાવ્યા મુજબના પુરાવાઓ સામેલ કરેલ છે કે કેમ ? તેની સ્પષ્ટ વિગતો આપવી.

૧૧. અરજદારના નજીકના સગા સંબંધિ વિદેશમાં રહે છે કે કેમ ? જો હા, તો તે અંગેની વિગતો ચકાસણી કરવી.

૧૨. અરજદારને વિદેશ અભ્યાસ માટે નિયત પ્રમાણે લોન આપવા પાત્ર છે કે કેમ ? તે અંગેનો વિગતવાર સ્પષ્ટ અભિપ્રાય આપવો.

સ્થળ :- ચકાસણી કરનાર અધિકારીનું નામ અને

તારીખ :- હોદ્દો તથા સહી/-

# પરિશિષ્ટ - ૬

(રૂ.૧૦ નો સ્ટેમ્પ)

## સોગંદનામું

આથી હું ............................................................. ગામ ........................ (પોતાનું નામ અને બાપનું નામ પુરૂ લખવું) તાલુકો .................. જિલ્લો ................ થી સોગંદપૂર્વક જણાવું છું કે, મારી નીચે પ્રમાણેની હકીકત ખરી છે.

(૧) મારી જાતિ ................................ પેટા જાતિ .......................... છે.

મારો ધંધો ........................................................................... છે.

(૨) હું અસલમાં ............................................ રાજ્યનો વતની છું અને વર્ષ ............... થી ગુજરાત રાજ્યમાં રહુ છું. મારૂં પુરૂં સરનામું નીચે પ્રમાણે છે.

**કાયમી સરનામું** અત્યારનું સરનામું

(૩) મારો ધંધો ................................. છે અને મારી તમામ આવકના સાધનોની વાર્ષિક કુટુંબની કુલ આવક રૂ. (અંકે રૂપિયા ........................................ પુરા) છે. મારા વ્યવસાયનું સરનામું નીચે પ્રમાણે છે.

(૪) મારા માતા-પિતાની તમામ આવકના સાધનોની વાર્ષિક કુલ આવક રૂા........................ (અંકે રૂપિયા ...................................................................................................... પુરા) છે.

સ્થળ :- ........................................

તારીખ :- (અરજદારની સહી)

<u>**સાક્ષીઓ :-**</u>

(૧) ........................................................................................ (પુરી સહી અને સરનામું)

(૨) ........................................................................................ (પુરી સહી અને સરનામું)

રૂબરૂમાં ................................

(સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૮-૧૦-૯૮ના પત્રક્રમાંક : પરચ/૧૫૯૮/૧૫૨૯/ગ, થી મંજૂર કર્યા મુજબ)

# પરિશિષ્ટ - ખ

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે લોન મેળવવા જાત જામીનખતનો નમુનો (વીસ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર)

આથી હું ............................................. રહે .................... તાલુકો ..................... જિલ્લો ............... ઉંમર વર્ષ ......... જાત લખી આપું છું કે, હું ............................................. દેશના .................... શહેરની ................................... કોલેજ/યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે લોન આપવાની યોજના હેઠળ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા................. ના આદેશ નં. ....................................... માં જણાવેલ તમામ શરતોનું સંપૂર્ણપણે પાલન કરીશ અને રૂા........................ મંજૂર કરેલ લોનની રકમથી કરેલ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી હું ભારતમાં મારી સેવા આપીશ. મને આ અભ્યાસક્રમ માટે મારા કોઈ સગા સંબંધી (દેશમાં રહેતા કે વિદેશમાં રહેતા) એમને નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલ નથી. ઉપરાંત મને મળેલ લોનના એક માસમાં હું મારો અભ્યાસક્રમ શરૂ કરીશ. તેમજ મારા અભ્યાસક્રમનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ મારી સંસ્થામાંથી મેળવી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજૂ કરીશ. તેમજ મને મળેલ લોનની રકમ તથા વ્યાજબી રકમ મારો અભ્યાસક્રમ પૂરો થયા પછી છ માસ પછી માસિક/ત્રિમાસિક હપ્તામાં ૧૦ વર્ષમાં પરત ભરપાઈ કરવા બાંહેધરી આપું છું.

ઉકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરું તો મને મળેલ લોન/વ્યાજ સરકારશ્રીના નિયમ મુજબ દંડનીય વ્યાજ સાથે એકી સાથે સરકારશ્રીમાં જમા કરાવવા હું તથા મારા વાલી વારસો જાત જામીન તરીકે ખાતરી આપીએ છીએ. ઉપરાંત એ પણ ખાતરી આપીએ છીએ કે, ઉકત તમામ રકમ જમીન મહેસૂલની બાકી રહેતી રેવન્યુ રાહે વસૂલ કરવામાં આવશે તો તે સામે મારે કે મારા વાલી વારસોનો કોઈ વાંધો ચાલશે નહીં. તેની હું અને મારા વાલી/વારસો બાંહેધરી આપીએ છીએ, અને સરકારશ્રી તરફથી મળવાપાત્ર લોનની રકમ ઉપરાંત જે રકમ થાય તેની હું બીજેથી વ્યવસ્થા કરી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન મળ્યા તારીખથી ત્રણ માસની અંદર અભ્યાસ શરૂ કરીશ.

વાલી વારસદારની સહી/-

મારી રૂબરૂમાં (અરજદારની સહી)

**સાક્ષી નં. ૧ :-**

નામ :

સરનામું :

સહી/- :

કોર્ટનો સહી સિક્કો

તારીખ :

**સાક્ષી નં. ૨ :-**

નામ :

સરનામું :

સહી/- :

## પરિશિષ્ટ - ગ

જામીનદારનું જામીન ખતનો નમુનો (વીસ રૂપિયાના સ્ટેમ્પ પર)

આથી હું ................................................ રહે .................... તાલુકો .....................
જિલ્લો .............. વર્ષ ............ લખી આપું છું કે, શ્રી ...........................................................
રહે. .................... તાલુકો .................... જિલ્લો .......................... તે નિયામકશ્રી, અનુસૂચિત
જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશ નં.......................................................... થી
લોન મંજૂર કરવામાં આવેલ છે, જે આદેશમાં જણાવ્યા પ્રમાણે જાત જામીન ઉપરાંત વધારાના જામીનદાર મિલકતવાળા હોય
તેવાને જામીનદાર તરીકે લેવાના છે. તે પ્રમાણે હું ...................................................... જામીન થાઉ છું.
મને મારા ખાતે આવેલી નીચે પ્રમાણેની સ્થાવર મિલકત કે જમીનનો આધાર રજૂ કર્યો છે.

સ્થાવર મિલકતનું પ્રમાણપત્ર આપવું

જામીનદાર હોય તો જામીનની મિલકતો ૭/૧૨ નો ઉતારો.

ઉપર જણાવ્યા પ્રમાણે હું ......................................................જે ............................
શરૂ કરવા લોન મંજૂર કરવામાં આવેલ છે, અને તે પુરેપુરી ભરપાઈ ન કરે તો બાકી લ્હેણી પડતી રકમ વ્યાજ સાથે જામીન
મહેસૂલી લ્હેણી નીકળતી રકમ મારી સ્થાવર મિલકતમાંથી સરકાર વસૂલ કરશે. તેની સામે મારો કે મારા વાલી વારસોનો
કોઈ વાંધો ચાલશે નહીં. તેનું હું ખાતરીપૂર્વક આ લખાણ લખીને જામીન થાઉ છું જે મારા વાલ વારસોને બંધનકર્તા રહેશે.

સ્થળ :-

તારીખ :-

જામીનદારની સહી/-

નામ :-

સરનામું :-

કોર્ટનો સહી સિક્કો

તારીખ :

# પરિશિષ્ટ - ઘ

## લોન ભરપાઈ કરવા માટે પાત્રતાનો દાખલો

આથી હું ..................................................... ઉંમર વર્ષ ........... ગામ ....................

તાલુકો ................. જિલ્લો .................... જણાવું છું કે, શ્રી ................................................

રહેવાસી ........................ જાતે .................... જે છેલ્લા ............ વર્ષથી ઓળખું છું. તેઓ મારા

અંગત સંબંધી નથી. તેઓએ મેળવેલ લોન અભ્યાસ પૂર્ણ કર્યા બાદ છ માસ પછી વસૂલાત શરૂ કરશે તેની મને ખાતરી છે.

તેઓ આ યોજના હેઠળ મદદ માટે પાત્ર છે. તેમને જે લોન આપવામાં આવશે તે તેઓ સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણ

સમયસર નિયત કરેલ હપ્તાઓથી પાછી ભરપાઈ કરશે, તેની આથી ખાતરી આપવામાં આવે છે.

સ્થળ :-

તારીખ :-

પુરી સહી/-

પુરૂ નામ :-

હોદો :-